# એન સ્વર્ગવાસ.

નકલ ૫૦૦

પ્રાંત અમરેલીના આ. એ. ગ. જ.
રોબર્ટ ગ્રાહાંમ મેજર મેન. સાહેબના
મરણ શોકની કવિતા.

બનાવનાર.


## જટાશંકર ગવરીશંકર મેહેતા.

લીંબડી.


ભલાઇ આ ભવ જે કરે, ઠરે સ્વર્ગ ઠીક ઠામ;
સાર નરેશું સાંપડે, જેનાં જેવાં કામ.


અમદાવાદમાં

મામાની હવેલી મધ્યે યુ० પ્રીં० અને જ० એ०
કંપની "લિમિટેડ" ના પ્રેસમાં
રણછોડલાલ ગંગારામે છાપ્યો.

સને ૧૮૮૧

કીમ્મત રૂ०-૪-०.

# મેન સ્વર્ગવાસ.

નકલ ૫૦૦

પ્રાંત અમરેલીના આ. એ. ગ. જ.
રોબર્ટ ગ્રાહાંમ મેજર મેન. સાહેબના
મરણ શોકની કવિતા.


બનાવનાર.

જટાશંકર ગવરીશંકર મેહેતા.

લીંબડી.


ભલાઇ આ ભવ જે કરે, ઠરે સ્વર્ગ ઠીક ઠામ;
સાર નરેશું સાંપડે, જેનાં જેવાં કામ.


અમદાવાદમાં

મામાની હવેલી મધ્યે યુ૦ પ્રી૦ અને જ૦ એ૦
કુંપની "લિમિટેડ" ના પ્રેસમાં
રણછોડલાલ ગંગારામે છાપ્યો.

સને ૧૮૮૧

કીમ્મત રૂ૦-૪-૦.

## કુંડળિયો.

ન્યાયક ચિન્હ આ ન્યાઇનું[1], વાંચો મેન મહાન;
બમનજી સહાય મળે કર્યું, પદ્યાત્મિક બયાન.
પદ્યાત્મિક બયાન, દેશ જોશો ન દીલ ચાહી;
સમજુ લેશો શીખ, મૂરખ મૂકે મસ્તાઇ.
ભલા જનોને ભાવતું, ભાંખ્યુ ભલમનસાઇનું;
મરતાં મેન મહાન, ન્યાયક ચિન્હ આ ન્યાઇનું.

---

૧ ન્યાયવાળા પૂરૂષનું નામ ચીન્હ, (રૂપ પૂસ્તક).

# अर्पण पत्रिका.

સજ્જન સમાગમેચ્છુ વિઠલ–'ભાઉદાજી ડાક્ટર તનુજ' ડીસ્ટ્રીકટ જજ અમરેલી પંચમહાલ,'

મુંબાઈ નિવાસી.

સાહેબ,

આપની મરહુમ બેન સાહેબના મરણ અંગેની અંતઃકરણની ખરી લાગણી જોઈ, આ સ્મરણ સુચક ચિન્હ રૂપ લઘુ ગ્રંથ; અરપણ કરૂંછું હું તમનેજ.

ગ્રંથ કરતા.

# મેન સ્વર્ગવાસ.

માઠું સ્વપ્ન.

**પદ રાગ મારૂ.**

મન મગનલાલ વિમાસે બમનજી,
કંઈ વિપરીત વિતર્ક ભાખે બમનજી;
ધારેલું ધરણી ધરનું થાશે બમનજી. ટેક.
સંતાપ કારક સ્વપ્ન કહું મુજ બમનજી તમ પાસે;
આ અવસર ભયકાર વધુ કંઈ આપદ કાળ જણાશે. બ૦
મન મગનલાલ વિમાસે બમનજી, કંઈ, ધારેલું.
સત્ય, દયા, ધર્મ, ન્યાય, નીતિ દીઠાં દુબળાં દીલ ઉદાસે;
જુઠ, કપટ, છળભેદ ભળાયાં ઉલટાં એથી ઉલ્લાસે. બમનજી.
મન મગનલાલ વિમાસે બમનજી, કંઈ, ધારેલું.
ઉનમાદ થઈ અનીતિ પંડ અન્યાય ફસાવતાં હાંસુ ફાસે;
મહાન મેન હરી જાણે હત્યારે; સંતાપિયાં સંત ત્રાસે. બ.
મન મગનલાલ વિમાસે બમનજી, કંઈ ધાર્યું;

---

**ગ્રંથ પ્રયોજન**—અમરેલી નિવાસી કીરપાશંકર ઝીણા ભાઈ, ધારીની નિશાળના મહેતાજીથી, તેમના એક કોઈ મિત્ર મગનલાલે; પોતાપર લખેલ પોષ્ટ કાર્ડ મને મળ્યો, જેમાં મરહુમ મેન સાહેબની ભલમનસાઈના કરૂણાજનક એક પારીગ્રાફ ઉપર મારી નજર ગઈ, અથવા તો મહેતાજી મજકુરે મરત મેનસાહેબની યોગતા વિષે કેટલીક વાતચીત કરતાં, મને

એટલામાં આંખ ઉઘડી ગઈ જોવું થર થર કાંપતો ત્રાસે;
કોણ જાણે આતે કેમ હશે, કશો તાગ મળે ન તપાસે. બ.
મન મગનલાલ વિમાસે, બમનજી, કંઇ ધાર્યું;

દોહરો,

મેન મૃત્યુ જાણે થયું, કરતા આંમ ઉચ્ચાર;
મીસીસ મેન તણી લખી, મળી ચોઠી દુખકાર,

કુંડળિયો,

મળી ચોઠી દુખકારી જે, સાહેબ થયા અસાધ;
પિકોકને વુડહાઉસ ભણી, સ્વાર દોડવી આદ.
સ્વાર દોડવી આદ, લખ્યો જે ઝટ અહી આવે;
મેન પથારીમાંય, બચે જો પ્રભુ બચાવે;
ચાલ ચોંપથી બમનજી, વિલંબના કરતો જરી;
મિસીસ મેન તણી લખી, દુખ કારી ચોઠી મળી.

સોરઠા.

ચોઠીને અનુંસાર, પત્ર લખી દે તે પળે;

---

તેનેમાટે કાંઈ કવિતા કરવા જણાવું. જેથી મે થોડી એક કવિતા કરી, ત્યાંના ધારીના વહીવટદાર સાહેબને વાંચવા મોકલાવી, જે પછી તે વધારી ચોપડી આકારે છપાવાની સરતે એમનાંથી માગેલ આશરાસાઈ યોગ્ય મદદ, આને માટે વહીવટદાર મજકુરે તથા રાજેશ્રી ત્રંબકરાયે મુલશંકર ની. મજમુદારે આપવાથી; આ મે સ્વર્ગવાસ પીછાત ભાગે (દયા શીગજનીક

દોડવી ઝટ અસ્વારે, ગયા બમનજી બંગલે.

પદ રાગ મારૂ દોઢ ફેર.

કરે ઓફીસજન ત્રાહ્ય ત્રાહ્યરે સાહેબજી;
કહે બમનજી નાખી હાયરે સાહેબજી.

ચીંતા ભરી ચીઠી મડમ સાહેબનીરે-
બળે દુખ દાવ અરેરે બળવેરે દુખદાવ,
બમનજી આવી ઉતાવળે આપ-
બંગલામાં ગભરાયરે; સાહેબજી. કરે. કહે-
અસાધ્યરે થઈ ગઈ એટલામાં ને-
આપે ન વાત વદાય અરેરે આપે ન વાત વદાય;
બમનજી વદે મેન જતા તમ-
કોણ ગ્રહે અમ બાંયરે સાહેબજી, કરે. કહે-
આમ અનાચક દુખ વાદળ વળે-
સહુકો વદે હાય હાય અરેરે સહુકો વદે હાયહાય,
ચોધાર આંસુ રેડે નીજ મડમ-

---

પ્રીતિભાવસ્થાઈ માહા ખબરથી) લઈ, એકાદ ફુરમા આકારે મેન મૃત્યુશોચ નામે એક ચોપડી છપાવાનો નિશ્ચય કીધો. બાદ માણેકવાડા મુકામે મેનસાહેબનાં હેડકલાર્ક નામે, શેઠ બમનજી ડોસાભાઈથી મને આમાં જોઈતી મદદ મળવાની ખબર તેમના સહવાસી મિત્રજનોમાંના કોઈ એકથી મળતાં આને માટે હું અમરેલી મુકામે તેવણ સાહેબ પાસે ગયો

કૃપા મોટી જુઓ કાંયરે; સાહેબજી. કરે. કહે-
બાળકના તમની ટોલ જાણી-
મ્હેર આણો મનમાંય અરેરે મ્હેર આણો મનમાંય,
મોહનની કોણ વલે વદે-
ઓફીસજનો ત્રાહ્ય ત્રાહ્યરે; સાહેબજી. કરે. કહે
વાંક પડે વધુ ગિનવતાં માફી-
દયો શિખે સારી સલાહ અરેરે દયો શિખે મારી સલાહ,
આંમ અચાનક આપજીતાં આજ-
કોણ કરે અમ સાહ્યરે; સાહેબજી. કરે. .કહે-
જુઓ જરી અમરે દીનની બણી-
સાહેબરે સુખદાય અરેરે સાહેબરે સુખદાય,
પાળક થઈ સાને આંમ પીડો-
કશો દોષ અમારો કળાયરે; સાહેબજી. કરે. કહે-
દીનજનો દુખે નાખે નીસાસાને-
દીસે ક્યાંખા નીતિ ન્યાય અરેરે દીસે ક્યાંખા નીતિન્યાય.

---

અને મારી સઘળી હકીકત આ બેન સ્વર્ગવાસ અંગેની તે-
મને મે કહી. જેથી આ ઉદાર પારશી ગ્રહસ્થે પોતાની મરત
બેનસાહેબ તરફની અંતઃકરણની ખરી લાગણીને માટે આ
બેન સ્વર્ગવાસમાં તેમનાંથી બનતી રીતે તનમન ધને કરી
યોગ્ય મદદ આપેલી છે.

અથવા તો એટલાજ ઉપરથી આ બેન સ્વર્ગવાસ બના-

સત્ય દયા ધર્મ દીવલાં આપે-
માગે માને તમ સ્હાયરે; સાહેબજી. કરે. કહે-
વિનયથી પ્રભુ વિનવતાં મળી-
સંતશાણા સમુદાય અરેરે સંતશાણા સમુદાય,
પામર પીડ હરો આપ પરગજુ-
કર્ષ્ટીજનો કલપાયરે; સાહેબજી. કરે. કહે-
જાવું ઘટે નહી આમ અચાનકે-
મારી કાળજકારી ઘાવ અરેરે મારી કાળજકારી ઘાવ,
સાહેબજી શાને મુખે ન બોલો-
તજીને દીલ દયાયરે; સાહેબજી. કરે. કહે-
કઠોરતા કશી આપ કૃપાનીધિ-
કારણ કશ્યું ન કળાય અરેરે કારણ કશ્યું ન કળાય,
હેત હૈયાકેરૂં શાને હરાયુ-
આ શું થયું હાય હાયરે; સાહેબજી. કરે. કહે-
જરી વીલો હું ઘડી જો ન દેખો-

---

વા મને તકમળી અગર તો છપામણી ખર્ચ વિગેરે આમાં જોઇતા ખર્ચને સારૂ રૂ૫૦) ની રકમ પણ પોતે જાતે આગળ પડી મેળવી આપી જેથી આ બેન સ્વર્ગવાસ આજે આલમને નજર કરવાનું બની આવ્યુંછે.

વળી મારા તૈયાર કરેલા બેનમૃત્યુ શોચભાગમાં કાંઇ વધારો કરવાની આપેક્ષા સાથ પોતે મરત બેન સાહેબનાં

બોલાવો તો ચીત ચ્હાય અરેરે બોલાવો તો ચીત ચ્હાય,
કોણ કરમ આજે આવી નડ્યાં દેવા-
સદાનો વિયોગ હાયરે; સાહેબજી. કરે. કહે-
તરફડી મચ્છ જળ વિના તમ-
કોણ વલે અમ આંય અરેરે કોણવલે અમ આંય,
ધીરજતા ન રહે બોલ દયો-
વ્હાલ વિસાર્યું ના વિસરાયરે; સાહેબજી. કરે. કહે-

છંદ શિખરણી.

અરેરે કાં થાઓ કઠણ ટળી કોમળ કૃરપણે,
ઉછેટી હાં હાવે અનળ વિરહાગ્નિ દવ બળે;
વિચારો હાંહારે સકળ અમ સાથી તમ વિના,
વિયોગે રે નારે જીવન જળ પામે મચ્છ તણાં.

સોરઠો.

વિછુટતાં જળ વ્હાલ, મેન કરી (ગયા) મચ્છની વલે;
(સ્વર્ગે) પ્રજાજને પ્રતીપાલ. મહાનમેન ફરી ક્યાં મળે.

---

સંક્ષીપ્ત જીવન ચરીત્રથી એટલે કે મેન સાહેબની સરવીશ બુકઆદિથી લઇ આને માટે કેટલોક જોઇતી હકીકત પણ એવણ સાહેબે મેળવી આપવા પાછળ ઠીક દીલ મેળવ્યું છે.

## પદ રાગ પરજમાં.

અરેરે ક્યાં ફરી એવા રે, મળે સાહેબ મેન જેવાં; ટેક.
સન અઢાર એકતાળીસમાં જન્મ ત્રીજી આગષ્ટ માસ;
વિદ્યા ભણી વરસ અઢારે લીધો કોરનેટ હોદો ખાસ. અરેરે
વતન નીજ થકી અહીં આવ્યા હિંદુસ્તાન મોઝાર;
અઢાર અઠાવને યુરોપથી નવેંબર તારીખ અઢાર. અરેરે
ડીસેંબરે ગયા દાખલ થઈ છઠી ડ્રાગુન પલટનમાંય;
ઓગણસાઠ જુને વધ્યા ત્યાંથી પલટન ત્રીજીએ જાઇ. અરેરે
ડીસેંબરે બાંબે લેન્સર્સમાં ગયા આપે નશીરાબાદ;
શોક પડે તારાપોર ફર્યા અક્ટોબર અઢારેસે સાઠ. અરેરે
કોરનેટથી લેફ્ટનંટ બન્યા વીસમીએ ટળે દુખ તાપ;
વળી થયા ફર્સ્ટ દક્ષણ મરાઠા હોર્સનાં ઉપરી આપ. અરેરે
ત્યાર કડે ફરી મુળ જગ્યો બાંબે લેન્સર્સમાં મળતાંય;

---

**સંક્ષિપ્ત જીવન ચરીત્ર**—યૂરોપમાં આવેલ ઈંગ્લાંડ દેશની સ્વર્ગ ભોમિકા એવી વિલાયત જે લંડન શહેર, એમાં જન્મેલા એવા મેન કુળનાં કોઈએક પ્રખ્યાત પૂરૂષની ઓલાદે, આપણા સ્વર્ગવાસી રોબર્ટ ગ્રાહામ મેજર મેન સાહેબ ઇસ્વી સન ૧૮૪૧નાં આગષ્ટ માસની ત્રીજી તારીખે જન્મા હતા. "એમણે કોણ માતાને પેટ જન્મ લીધેલો, ક્યાં વિદ્યાભ્યાસ કીધો; કેવી હાલતમાં કેમ ઉછર્યા—આમાનો કશો પતો અત્રે મળેલો નથી, જેથી મહાન મેન સાહેબનો માન મરતબો જોતાં આ ગ્રંથ જોઇ-

અઢાર ચોસઠ જાન્યુવારીમાં ગયા પોતે ડીસામાંય. અરેરે
કલાદગી ગયા દક્ષણ મરાઠા હોર્સનાં થઈ આજીટંટ;
અઢાર ચોસઠ એપરીલે પાછા શીક પડ્યા ગુણવંત. અરેરે
વતન નીજ વિલાયત જાવાજીથી બે વર્સ રજાય;
અઢાર પાંસઠ એપરીલે જઈ અણસોઠે આવ્યા આંય. અરેરે
નેક નામદાર ગવરનરે ના થયા આવી તુરત બોડી ગાર્ડ;
તેમ વળી એડીકેમ્પ થયા કૈંક દિવસ જે હુંશિયાર. અરેરે
અઢાર શીતેર માર્ચ માસે નામદાર ગવરનર પાસ,
હરીફાઈ થકી આપે બન્યા પ્રાઇવેટ સેક્રટરી ખાસ. અરેરે
કોરનેટથી લેફ્ટનંટ વધ્યા એમ પાયરી રે કપતાન;
મીલટરી ખાતાનાં થયા વળી સેક્રટરી ગુણવાન. અરેરે
આકટીંગ કામ કર્યા વચમાં આમ ચડતાં હોદ્દે હમેશ;
અઢાર બોતેર દસમી ડીસેંબરે અમરેલી કીધો પ્રવેશ. અરેરે

---

એ તેટલા વિસ્તારથી બની શક્યો નથી, અથવા તો તેમના મેન સાહેબના દીલો જાન દોસ્ત વુડહાઉસ સાહેબ યાતો આપણા ઉત્સાહીક અમરેલી ડીસ્ત્રિક્ટ જજ વિઠ્ઠલભાઉદાજી એઓ મેનસાહેબની કાંઈ કાયમ નામના રૂપ ચિન્હ અમરેલી પ્રજાજનને નજર થવા; સ્મરણ સ્થંભાકારણ યોજના કરવા ભુલશે નહી" મેનસાહેબ પોતાની અઢારેક વરશની વયે કોરનેટના હોદા-થી નોકરી પર દાખલ થયા. બાદ થોડેજ વખતે અહી હીંદુસ્થાન-માં તેમણે સને ૧૮૫૮ના નવેંબર માસમાં પહેલવેલો પગ

કરેનલ વાકર સાહેબનો પોતે ચારજ લીધો ચહાઈ;
આસીસ્ટંટ રેસીન્ડેંટ વા સુપરીનટેન્ડેન્ટજ થાઇ. અરેરે
વાકર સાહેબ આવે ફરી પોતે મુળ જગ્યે રહ્યા જાઈ;
અઢાર ત્રોતેર જાન્યુઆરી ત્રીજી તારીખે ગયા મુંબાઇ. અરેરે
વિલાયતે જતાં વાકર સાહેબ પેનસને ધરી પ્રીત;
આગણ્ અઢાર ચમોતેરે ઠર્યા મુકરર મેન ખચીત. અરેરે
જનહિત કામ કરંતા કાજુ વિવેકવંત વિશેષ;
આસીસ્ટંટ એજંટ ગવરનરર જનરલ બનીયા એશ. અરેરે
વિદ્યાશાળા વિત ખર્ચીને કીધી પુસ્તકશાળા પ્રમાણ;
બમનજી બહુધા મેનતે વાકર પુસ્તકાલય જાણ. અરેરે
ભલા ભલા ભાખે બાષણુ કંઇ ભાવ ઉપન્યો લાયક લોક;
તેરશો છાસટ રોક રૂપીયે મંગાવ્યા પુસ્તક થોક. અરેરે
વિખ્યાતાં કૈંક વચ્ચે બમનજીથી મેનની મેળવે મદદ;

---

મૂક્યો, અને એક માસની ટુંક મુદતમાં તેઓ છઠી ડ્રાગુનપલટનમાં દાખલ થયા; ને ત્યાંથી ઓગણસાઠનાં જુન માસે ત્રીજી પલટનમાં ગયા. આહી તબીયત બગડવાથી પોતે સને ૧૮૬૦ના અકટોબર માસમાં તારાપોર આવી રહ્યા, અને કોરનેટના હોદાથી આગળ વધી લેફટનંટ બન્યા. તેમજ દક્ષણુ મરઠા હોર્સનાં ઉપરી પણ થયા. આ પછી પાછા બોંબે લન્સર્સમાં પોતાની મુળ જગ્યાએ દાખલ થઈ સને ૧૮૬૪ નાં જાન્યુઆરી માસમાં પોતે ડીસે ગયા, ને ત્યાંથી તેઓ

નાકર પુસ્તકશાળા ટકી વિઠલ ભાઉદાજીએ વાળી હદ. અરેરે
પાયગાઓ પુર રસ્તા જળાશય સમરાવ્યા સ્નેહે સમસ્ત;
દીવાન સાહેબથી મેળી મંજુરી સંઘરી સુધારા વસ્ત. અરેરે
કંગાલ જનપર ના જે કુરો આદી કાળથી લેવાતાજ;
મેન સા'બે સરકાર સણદથી માફ કરાવ્યા કંઇ આજ. અરેરે
પરોપકારે બન્યા આમ પરગજુ હોંશિથી આપે હમેશ;
અઢાર એકાશી મે સાતમી મેન ગયા હજુર પ્રમેશ. અરેરે
મેન મહાન પડે પ્રથવિ વષુ વરતાઇ વિપરિત વાત;
અણગમો ઉર આપુરો જાણે જાગી જનોની ઘાત. અરેરે
જુમંડળે ભયકાર દીશે થયાં પવન પાણી પરેજ;
દરીયાઇ લહેર રહી અટકી તપ્યો સુર્ય લાહ્ય વરશેજ. અરેરે
સુર્ય તાપે પરીતાપ થતો સમાવા હવાખાવા દરિયાઇ;
જઇ અમરેલીથી ઘોઘે રહ્યા થયું મેન મરણ દુખદાઇ. અરેરે

---

દક્ષણ મરાઠા હોસનાં આજીટંટ થયા. જેથી તેમનું કલાદગી મુકામે જવું થયું. પણ આહી બીમારી વધવાને લીધે મેનસાહેબ બે વરસની રજા લઇ સને ૧૮૬૫ ના એપ્રીલ માસની તા. ૨૭ મીએ વિલાયત પોતાને વતન ગયા. જ્યાંથી પાછા ૧૮૬૭ નાં એપ્રીલની ૨૫ મી તારીખે ફરી હિંદુસ્તાનમાં આવીને નેક નામદાર ગવરનર સાહેબના બોડીગાર્ડ થયા તેમજ એડીકંપ પણ થયા. મેન સાહેબ ૧૮૭૧ નાં માર્ચ માસની ૨૮ મી તારીખે મે. ગવરનર સાહેબના

વતન નીજ વિલાયત જઈ રજા ભોગવીને વર્ષ બેઃ
મડમ લૈ ફરી આવ્યા પોતે અહીં ચાર માસે પાડી દેય. અરેરે
અમરેલી ખુદ નિવાસનો બનતો બંગલોરે નવીનં;
નીરખી તે ફરી ધોધે જતાં વાયેલું થયા કાળાધિન. અરેરે
તાવ રહ્યો દીન દોઢ ધોધે અરેરે થયો એથી અન્યાયઃ
ડાકતર કોનવેની ન ચાલી કારી વરતાયોરે ત્રાહ્યુ ત્રાહ્ય. અરેરે

## પીકોક ના ઉડહાઉસ વિગરેનું આવવું.

### ઇંદ્રવિજય.

સ્વાસ ભર્યા પુરેપાટ ગયા, સદ સ્વારથી ચીઠી મળે દુખકારી,
પીકોકવા ઉડહાસ વળ્યા, પળ પાણી પીવા ન રહ્યાજ વિચારી;
દોડવતા ભરજોષ પળ્યા વધુ કોશ બગીથી ઉરે ભય ભારી,
સાથી બીજા નીજસંગ લઇ અહીં આવે થયું મેન મોત અકાળી.

---

પ્રાઇવેટ સેક્રેટરી નિમાયા, ને ત્યાંથી તેમનીજ પાસે એજ સાલ જુલાઇ માસની ૨૧ મી તારીખે મીલટરી ખાતાના સેક્રેટરી થયા. તેમજ લેફટનંટથી આગળ વધી કપતાનની પાયરીએ ચડ્યા, ડીસેંબર તા, ૧૦મી સને ૧૮૭૨ અમરેલી પંચ મહાલનાં આસીસટંટ રેશીડેંટ તથા માણેક વાડા આયકવાડ કંટીજંટના સુપરીન ટેન્ડેંટના હોદાથી કરનર વાકર સાહેબની અવેજી (જ્યારે તેઓ પોલીટીકાલ એજંટ નિમાઈ રાજકોટ ગયા ત્યારે) મેન સાહેબ આહી કાઠીઆવાડ ખાતે પહેલીવારકા આવ્યા, અને સને ૧૮૭૩નાં જાન્યુઆ-

## કુંડળીયો.

સાથ ત્રણ વરસો થતાં, મેન મરણ દુખકારી;
૧૮૭૯ શીમ રીચી હેટરે, મૃત્યુ કીયા સંસકારી.
મૃત્યુ કીયા સંસકારી, ચુડહાઉસે કરી સારી;
બાયબલ બતાવ્યાં જેમ, તેમ ધર્માનુસારી.
પાદરી આદિ યુરોપીયન, બમનજી દુખે દુભાય;
તાર પત્ર લખી મોકલ્યા, ઘટીત જગ્યો દુખદાય.

## દોહરો.

તાર પત્ર હરઘડી લખ્યા, મેનમૃત્યુ થાતાય;
વિમાસે વધુ વિલાપીને, બમનજી પડતાં બાંય.

---

રી મહીનાની ૩જી તારીખે વાકર સાહેબ અમરેલી પાછાફરી આવતાં મેન સાહેબ પોતે તેમની મુળ જગ્યાએ મુંબાઇ ગયા: પછી કરનલવાકર સાહેબ પેનસનપર વિલાયતે વતનમાં જતાં મે, મેનસાહેબ તેમની જગ્યાએ સને ૧૮૭૪માં મુકરર થયા. અને લોક કલ્યાણ કામ કરતા કેટલેક વખતે એમને આસી સટંટ એજંટ ગવર્ નરલનો હોદો મળ્યો, જે પછી સાતેક વરશે એટલે શને ૧૮૮૧ના મે માસની સાતમી તારીખે તેમણે મેહેરબાન મેન સાહેબે આફાની દુનિયાં છોડી સ્વર્ગ વાસ કીધો.

## લાવણી.

રૈ[illegible] ન્યાયક નીતિ આધાર મેનસરદાર દયા દીલ ધારી,
ક્યાં મળે ફરી આવાર દીન દુખ હારી;     ટેક.
કીધા જનપર ઉપકાર જગતમોઝારે આશીષો લીધી,
સુણી રંકતણી નીતરાડ ધીરજતા દીધી;
સાહી કર નીજ કંગાળ રાખી ઠીક ભાળ વાર કરી વહાલે.
દઈ દામ કાપીયાં દુખ પ્રજા હીત ધારે,
ધારે ગ્રહી સારાસાર કરી દુખીવાર સમજદઈ સારી;
દાના દીલના ઉદાર પરઉપકારી,

કારી દુખના હરનાર,
સુખ સાતાના કરનાર,

---

મેન સાહેબ હમેશાં ગરીબડી પ્રજા ભણી દયાની નજરે જોતાં, દાદી ફરીયાદીની દાદ ઘણીજ સંભાળથી ધીરજથી ને વિચાર પુરતપણે સાંભળતા હતા. નહી તો, આજકાલના ઉછાંછળા ઇંગ્રેજ અમલદાર મીજાજે તેમનો મિજાજ ખારો થતો, નહી તો, ધુરકાવી કાંઈ અરજદારની અરજ પર પોતાના હાથ પગે ટપલ પાતો જમીન દોસ્ત અફળાવતા, પછડાવતા જરૂર પડતી. નહી તો, વગર જોતાં બરાડા અને હોકારાથી તાબાના માણસોમાં અણગમો અને બેચેની પ્રવર્ત થવા તક આવતી. કે નહીં તો, અજ્ઞાન આરોપીનાં આડા ડોઢા ગભરામણના બોલોથી, તેઓ કંટાળી તેની સામે આંખો ધુરાવતા. પણ ઉલટા એથી શાન્ત પણે રહી; સામે આવનારની ગભ-

ધીરજતાના ધરનાર,
સાહેબ શાણા સરદાર,
ખારે ગ્રહી સારાસાર કરી ફુખીવાર સમજદઇ સારી,
દાના દોલના ત્રેદાર ધરઉપકારી— રે ક્યાં.
આપે કરી નીતિનો બોધ દઈ પ્રબોધ વિરોધ ન કરતા,
જન હિત કાજુ કરી કામ હામથી ઠરતા;
ઠરતા પોતે ઠીક ઠામ વધારયું નામ કુપટ દઇ દામો,
ખાંતે કીધા કરી ખોજ નીતિનો જામો;
જામો સુધારાકામ કર્યાં બહુ ઠામ કુધારા કાઢી;
કાઢી અનીતિ અન્યાય ન્યાય નીતિ સાધી—
સાધી સત્યતા શીકાર,

---

રામણનો મૂળ ભેદ—આરોપી તેનાં, આરોપ દબાણ ગભરાટમાં આમ તેમ ફાંફાં મારતો થયો છે, કે કેમ? કોરટમાં કોઈ વાર નહી આવેલ આદિ પોતાની નાદાનીને લીધે. આમ બારીકીથી કેટલોક તપાસ કરવા પછે જેને જે રીતે ધીરજતા આપવાની હોય તેને તે રીતે આપતા. અને તેની બધી વાત પેલેથી તે છેલે સુધી કાનપર લેતા. હમણેના કેટલાક ઈંગ્રેજ અમલદાર પોતાની સામે આવનાર દાદી ફરીયાદીની પર હડકાયા વાઘની મીશાલે વાયછે. એકદમ મગજનો પીતો ચઢી આવવાથી, અથવા તો તે અજ્ઞાન બીચારા ગામડીઆને " બેરટ તાબેના ફકિદાર મેતા મુસદીઓના ચાવી ચાવી કુચો કરેલા કેટલાક બોલો, જે તેને તેના જન્મ

વધાર્યો ન્યાય નીતિકાર,
કરી દયા ધર્મ સતકાર,
જન પ્રજાહિત વિચાર,
ધારે ગ્રહી સારાસાર કરી દુખી વાર સમજ દઈ સારી-
દાના દીલના ઉદાર પર ઉપકારી- રે, કયાં.
જુઠ છળનો કરી ધીકાર ધરી પેંજર પીડ્યા પાપીને,
દુખ હર્યા દીન–દૈ દંડ દુષ્ટ આપીને;
પાપી હરીયો અંકોર જણાવ્યું તોર તોરી થૈ તાને,
જુઠનો ખોલાવ્યો ભાર સત્ય અભીમાને;
માને મમતા ધરી મન દુભ્યા દુરીજન સજ્જન સુખદાઈ,
મદી જનો કર્યા સમ મેરી મેળી મસ્તાઈ;

---

પરીયંત કાન તળે આવેલાજ નહી હોય, તેવા તે, બરાબર તેમનાથી નહી સમજાતાં, ફરી તેને માટે પુછાવાથી સાહેબનો મિજાજ જાયછે. અને તેથી ડેમફુલ આદિ બોલોનો પ્રહાર કરી, બીચારા ગરીબ દાદી ફરીયાદી કોરટે આવનારને ઘણી રીતે દેહસતમાં નાખવામાં આવેછે. અથવા તો તેવાં સંબંધમાં આવનાર જનો ધારે છેકે, આ ફાંસામાંથી નીકળીએ તો ફરી કોરટ બારણે ચડવાની તક નહી ચાલતેજ લેવાના. કોરટને બારણે ચડવું અને મરવું સમાન ગણતાં માણસોમાં, સાહેબના નામનો ત્રાસ પડેલો આજકાલ આપણ ઘણે ઠેકાણે સાંભળીએ છીએ. આજે ત્રાસ તે કોઈ રીતની રાજકરતાનો જુલમ—આલમને નજર આવેછે એમ નથી

મસ્તાઇ સુકૃતે સંસાર,
ભરીયા સુ કીરત ભંડાર,
કરી આપે બહુ ઉપકારે,
કંગાલ જને કરો વાર,
ધારે ગ્રહી સારાસાર કરી દુખી વાર સમજ દઇ સારી
દાના દીલનાં ઉદાર પર ઉપકારી; રે કયાં.
વારે ચડી હરી વિપત્ત કરી સુખછત દયાળુ દીલે,
સુણીયો દુખીદુખ પોકાર ધીરજ દે ધીરે;
ધીરેન મુખે ખોજાઈ ભલમનસાઇ રહ્યા નીત રાખી.
રાખ્યાં વિનય વિવેક સુખાભીલાખી;
અભીલાખ થવા જુઠ જેર સતની ભેર તાણી હરનાશે.

---

પણ સંબંધમાં આવનાર કેટલાક અબુજી અમલદારોથીંજ આ રીતની મોકાણ મંડાયછે. સોમાં કોઈ એકાદ બે હાલ કાળ વખાણની બત્રિસિએ ચડેલા, ફારબસ સરખા મહાન બેન ઈંગ્રેજ આપણે આંહી આજે મળી આવવાના; બેન સાહેબનું નામ પણ એક, દાના ઈંગ્રેજ અમલદારની લે- વાયલી નોધમાંજ લખાશે.

તેમણે ઘણા પરોપકાર આપણા લોકો પર કરેલાછે. આ અદલ ન્યાઈ નીતિ રક્ષક દયાળુ સરદાર, હમેશ ગરીબ અને દુખીં જનોની રાડ ફરીવાદ સાંભળતા હતા. અને તે- મને સંતોષ આપતા હતા. પોતે ઘણા દામ ખરચી પર નાં દુખો કાપતાઅને વળી તે નીરાભિમાનપણે રહી, તેમ-

પાપીને આણવા પેજ ન્યાયનીતિ દીસે;
દીઠા ચોરે ભયકાર,
સાચા જનને સુખકાર,
દુષ્ટોને કીધા ઠાર,
માફી બક્ષી કઇવાર,
ધારે ગ્રહી સારાસાર કરી દુખીવારે સમજ દઈ સારી,
દાના દીલનાં ઉદાર પરઉપકારી રે ક્યાં.
સાચે સાધ્યો સદ સ્નેહ નીતિથી નેહ વધારી નીત્યે,
સમજુ સજ્જન વા સુત્ત પાળીયા પ્રીતે;
પ્રીતે હરી પામર પીડ ભલાજન ભીડ ભાગી ભવભાવે,
લાયકજન રાખી લક્ષ લડાવ્યા લાવે,

---

ણે કોઈ વાર અઘટીત કામદ્વારે બીજાનું મન દુખવવા સરખુ કીધું હોય એમ દીસતું નથી. પ્રજાનો અતુલીત પ્યાર-જ કહી આપેછે કે, મેન સાહેબ એક માયાળુ સરદાર હતા. રાંકથી તે રાજા સુધીના દરેક માણસ ઉપર એમનો એક સરખો પ્યાર, એક સરખી દયા, અને એકજ સરખી મમતા હતી. સદગુણી સમજુ પ્રજાનું સંરક્ષણ કરવા, દુષ્ટ જનોને દંડ આપવા, તેમજ ધર્મનું પાળણ કરેવા મેન સાહેબની નીરમળ ન્યાય સત્તા, અને વિચાર બધી રીતે વખાણવા સરખાં હતાં.

અંમરેલી ખાસ હજુરીયાત પાયગેના માણસોમાંથી, બે ચાર જણને પોલીસ ડ્યુંટી પર લેવા; આપણા માજી વ.

લાધે સંતોખ્યા સંત ખરે ધરી ખંત અંતલગી અડીયા;
પરમારથ કામે પેલ કરી ખુદ ખડિયા,

પડિયા પેલે કરી વાર,
દીન દુખ હર્યાં કરી સારે,
ઉમંગી આપ ઉદારે,
નોધારાનાં આધાર,

ધારે ગ્રહી સારાસાર કરી દુખીવાર સમજદઈ સારી,
દાના દીલનાં ઉદાર પરઉપકારી: રે કયાં.
આધાર નીતિનાં નેક ન્યયની ટેક જાયવીજાદે,
જાદે સતધર્મ દયાય પાળી પ્રતિવાદે;
વાદે બોલ્યા જે બોલ રાખીયો તોલ મરતબે મોટે,

---

હીવટદાર કેશવરામ રામચંદ્ર ઉપર વડોદરા ખાતેથી હુકમ આવ્યો. જે પ્રમાણે અમલ કરવા વહીવટદાર મજકુરે, પાયગાના વડા બે ચાર આગેવાનને જણાવ્યું; પરંતુ ઉપરના હુકમને તાબે થવા તેમણે ના પાડી. અને વાત એટલે સુધી વધી ગઇ કે, એક મોટા દંગા ફીસાદે તેમાંથી જન્મ આપ્યો. વહીવટદાર કેશવરામ રામચંદ્ર-અભિયાનું ટટ્ટુ આમાં આગળ નહી વધવાથી, તેમણે મરત મેન સાહેબ પાસે કાંઇ આને માટે મીઠું મરચુ ચઢાવી વાતને મશાલેદાર કીધી. અથવા તો મમત પર આવેલા પાયગેના હિમાયતીના કમનસીબે તેમને ઊંધી મતીએ ચઢાવ્યા. અને તેથી એ લોકોએ ત્યાં સુધી પોતાનો નીશ્ચય કીધો કે, છેવટ બંડ ઉઠાવી

ખાંતે બેસ્યા નીત ખરે ખીજાયા ખોટે;
ખોટે ધરી આપે ખીજ ખોયું સત બીજ રીજથી રહીને,
સંતોષ્યા શાણા સુજ્ઞ પ્રીતિપય પઇને;
પઇને પય પ્રીતિ અપાર,
કરી ગુણ ગણનાં ગુંજાર,
ભરિયા ભવજશ ભંડાર,
આવે યાદે આવાર,
ધારે ગ્રહી સારાસાર કરી કુખીવાર સમજ દઈ સારી,
દાના દીલનાં ઉદાર પરઉપકારી; રે ક્યાં.
ભવમાં ભરી ભલમનસાઈ કરી સરસાઈ શાંન્તતા ગ્રાહી,
વિનય વિવેક વિચાર સદા સુખ દાઈ;

---

બધાએ ખપી મરવું એ વાત ખરી, પણ પોલીસમાં જવા-આવેલ હુકમને માન્ય નહી કરવો. મેન સાહેબે આ રીતના મામલામાં એ લોકોને બહુ બહુ રીતે સમજાવ્યા, કે પોલીસમાં જવાથી તમારા લોકોને કશી હરકત થનાર નથી. અને કદી હરકત જેવું દીસે તો, પછી ભલે તમારે વાંધો લેવાનો હોય તે પાછળથી સુખેથી બતાવજો. આ બોલોમાં બામાયલ ખાસ પાયગેના હિમાયતિઓને લેશમાત્ર અસર નહી થઈ, અને ઓર ઉલટા એથી વધારે મમતમાં તેઓ આવ્યા. અને એક વાર બે વાર આમ વધારે સુચના તરીકે કહેવા જતાં, દરેલ પીવાના અવિચારિઓ જોસ ભેર થતા ચાલ્યા, જે પછી છેવટ મેન સાહેબને વિના ઉપાય ચાંપતા ઇલાજો

સુખદાઈ સદા બની આપ હર્યા પરીતાપ છાપી સત છાપે,
નીતિ ન્યાય ધર્મ વા દયા બતાવી આપે;
માપે દોષી મનમોજ કરી દીલ ખોજ ખરા ખોટાની,
બુજગરે બની જાણી બુજ બડા છોટાની;
છોટાની કરી સંભાળ,
બની આપે દીલ દયાળ,
થઈ ન્યાય નીતિ રખવાળ,
સમર્યા કોડે કીરતાર,
ધારે ગ્રહી સારાસાર કરી દુખીવાર સમજ દઇ સારી,
દાના દીલના ઉદાર પરઉપકારી . રે કયાં.
બુજ જાણી બહુ બુધવંત પ્રજાહિત ખંત ધરી કર્યું ખોળે,

---

લેવાને જરૂર પડી. અથવા તો એક દમ રાત ઉઠયા એક સો ઘોડેસ્વાર ધારીની છાવણીમાંથી કોઇ ન જાણે તેમ મંગાવી. બીજે દીવસ સવારના પો ફાટતાં પાયગા ફરતો ઘેરો ઘાલ્યો. અને કલકતા સરકારથી આવેલ છેવટનો (કાંઈ કરતાં ન માને તો ટોપને મોડે બાંધી ફીસાદખોરોને ઉડાડી મેલવાનો) હુકમ અથથી તે ઇતી સુધી વાંચી સંભળાવ્યો. આ તક ગામના મોટા મોટા અમલદારે આદી શેઠ સાહુકારથી લઇને બીજા ઘણા માણસો અહી હાજર હતા. (તા. ૩૧—૮—૭૭ )

ઉન્માદીઓની એકઠી મળેલી મંડળી, પાયગા વિભાગે આવેલ એક મધ્યસ્થ મકાનમાં એકઠી મળી બેઠી, (દારૂગોળી સમેત) શેઠ બમનજી ડોસાભાઇથી, આ ઉનમાદીઓને સમા

વિદ્યાદિ દાન વિશેક દીધા છત છોળે;
છોળે કીધી ખુબ ખ્યાત થઈ રળીયાત સુધારા સાથી,
પુસ્તકાલય આદી સ્કુલ કર્યા ભભકાથી;
ભભકાથી ભાસે ભલા દીસે ઊજળા કારીગરે કાજુ,
હથુકામ કરાવ્યું બેસ તુરતનું તાજુ;
તાજુ સુધારે સાર,
કામજ નકી નકશીદાર,
દૈકરેચું દામ કલદાર,
ઉમગે બની ઉદાર,
ધારે ગ્રહી સારાસાર કરી કુબ્બી વાર સમજ દઈ સારી,
દાના દીલનાં ઉદાર પરઉપકારી રે કયાં.

---

ઘાની પર લાવવા મેહેરબાન મેન સાહેબે કેટલી એક યુક્તિ-યો કામે લગાડી, ટોળોમાંના જેઓ આગવાની ધરાવતા હતા; તેવાઓને પેહેલેથી એક પછી એક આમ જુદે જુદાં બોલાવી જેમ જેઓ સમજ્યા તેમ તેને હકતે હકતે સમજાવા લાગ્યા સિવાયના અંદર ખાનેના ભાગના લોકોને શ. બમનજી ભાઈએ સામ, દામ,ને ભેદ કરી સમજાવ્યા. દંગાખોરો પાસે જવું, તેમને સમજાવવા, અને સાંત પાડવા વિગેરે તાલમેલથી બતાવેલી તેમની સમય સુચકતા,અને ચાલાકીનું પરિણામ છેવટે સંતોષ કારક નીવડ્યું. મેન સાહેબ સવારથી લઈ દીવસના બાર ઉપર એક વાગ્યા સુધી આ ગડમથલમાં રહ્યા. અને જાતે બહુ શ્રમથી આ એકઠી મળેલી ફીસાદખોરોની

ઉદાર પરગજુ આપ જવા પરીતાપ દુકાળી દીનના,
કાઢ્યા બહુવિધ કેંકામ સુખદ દીન જનના;
જનનાં નીજ દીલ ધરી દુખ ટાળવા ભુખ રાંકની રાડે,
અન પાણી પાડવા પૂરાં જરૂરીયત જાદે;
જાદેસુ કેળવણી કામ કર્યાં સુખધામ પ્રજા હીત ધારી,
રાંકાત મદરેવા રોજી આપીને સારી;

આપીને રોજી સાર,
બાંધ્યા મકાન વિશાળ,
વિવેકે કરી વિચાર,
પામર જન થવા ઉગાર,

ધારે અહી સારાસાર કરી દુખો વાર સમજ દઈ સારી,

---

ટોગીને વિષેરો નાંખવામાં ફતેહમંદ થયા.

થોડા વખત પહેલાં આહી કાઠીયાવાડ ખાતે, આવેલ ભાવનગર ગોંડલ રેલવે અંગેની એક આવેલ ફરીયાદમાં મેન નામના કોઈ એક ઇજનેરે, પોતાના તાબાના કારકુનની ગેર રસ્તે બચાવ કરવાના હેતુથી, પોતાની ડેલી નોટમાં કાંઇ કૃતિમ નોધ લીધેલી; જે કોરટને ખોટી નજરે આવતા, અથવા તો તેને માટે પેલા પ્રતિગ્રા ઉપર ઇજનેર મજકુરને બાયબલ વચમાં રાખી પુછવામાં આવવા છતાં, તે જુઠું બોલ્યો. એમ તપાસમાં જણાયાથી મરત મેન સાહેબે, આ ઇંગ્રેજ અમલદારને માટે કાંઈ પણ જાતિ બંધુ તરીકેની ખોટી નિસ્પત નહી રાખતાં; ખુલી રીતે તેને કોરટ બહાર

દાના દીલના ઉદાર પરઉપકારી                રે ક્યાં.
ઉગાર થવા રાંકાત વિચારી વાત વીત વાવરવા,
શોધ્યા બહુ સાર પ્રસંગ પ્રજાહિત કરવા;
કરીયા આપે સુભકાંમ ભજ્યા જગસ્વામ માન મુકીને,
મુકી હુંપદ અભીમાન નીતિ ન ચુકીને;
ચુક્યા નહીં સત અચીત કરયું જનહિત પ્રીતથી પંડે,
દીન દુવા ચહી દીલ નામ કરયું નવખંડે,
નવખંડે નામજ સાર,
કરીગયા આપે ઉદાર,
મેન સાહેબ આ સંસાર,
ભરી ભલપણ ગુણભંડાર.

---

કીધો. વળી મેન કુળને કલંક લગાડનારે આ ઈજનેરનું મૂખ સરખુ જોવાને પોતે ના દુરસ્ત ધાર્યું, તેની સાથે એટલું પણ જણાવ્યું કે, જો આ બાબતની કોઈ મારા સમક્ષ સામે બોરડનાં ફીરીયાદ આણે, તો હું તમારા આ કાળાં કર્તવ્યની પુરતી દેહેસત, તમને આપવામાં આ તક એક ઈંગ્રેજ બંધવા તરીકેની પક્ષે, જોવ: મારા ન્યાયને કદી ઝાંખપ લગડાવનાર નથી. પરંતું લાચારછું, કે એક જાતીભા. ઈ તરીકે દુર વતની તમારા જેવા નાદાન બુદ્ધિના મા ણસ પર, મારે દયા બાધા વગર ચાલતું નથી. જાઓ તમે તમારૂં કાળુ મૂખ હવે પછી મને બતાવતાના "

આવા એક નીખાલસ સમપક્ષી ન્યાયકની ખોટ, આજે

ધારે ગ્રહી સારાસાર કરી દુખીવાર સમજ દઈ સારી,
દાના દીલના ઉદાર પરઉપકારી રે ક્યાં.

### પદ રાગ રાસડામાં.

મેન સમા સરદાર પડ્યા કાંઈ નોધારા આધારરે;
ભેળવાડી ભર્યા લોકમાં દીલ દયાળુ ઉદારરે. મહાન મેન સ્વર્ગે જતાં.
ધાડ પડી ધોળે દીવસેરે કાંઈ ઉતરીયા શણગારરે;
શોભીતા સારા શેહેરનાં રોયા સૌકો આંસુ ધારરે. મહાન—
કોરટ સહુ કારભારી રોયા કાંઈ દોઢીને દરબારરે;
દેવાણાં તાળાં ડેલીએ લેન લાયબ્રેરી નિશાળરે. મહાન—
કારખાના કામ બંધ પડયા કાંઈ; ભરેલા ભંડારરે;
સુનાતે બાગ બંગલા રોયા સહુકો નર નારરે. મહાન—

---

મેન જતાં જે આપણને લાગેલછે, તે હવે પછીના એવા કોઈ મહાન મેનથી પુરાવી કઠણ છે. કારણકે આજકાલ આવતા ઈંગ્રેજોમાંના ઘણા પક્ષપાતી અને મોભાગ્ર બુદ્ધિના માલમ પડ્યાછે. આજથી બે ત્રણ વરશની વાત ઉપર અત્રે આહી ચિત્રાવાવ ખાતે એક કોઈ છોકરવાદી સાહેબે કાંઈ હુંફાતુંફીમાં મારામારી કરી મુકેલી. જેમાં ચમારડીના માજી થાણદાર રણછોડદાસ નાગરદાસ ઉમરેઠ વાશી વકીલ, તપાસ ચલાવતાં વચમાં આવી ફીરઝલાંડ સાહેબે પોતાની અકલનો નમુનો બતાવી દીધોછે, આ થાણદાર માટે કેડલાક ન્યાય પક્ષીને મગરૂર રહેવા જેવું હતું. અથવા તો તેના સત્ય પ-ક્ષનો ભોગ, પ્રાંત ખાતેના કેટલાક કાળમુખા કારકીદીયા-

લોક રોયા રોજી બંધ કરી કાંઇ વાણીયા ઉભી બજારરે;
હડતાળ પાડી હાટમાં પડયો પુર બધે પોકારરે. મહાન—
વિપ્ર રોયા વણીક રોયા કંસારા લુહારી સુતારરે;
સંઇ સોનીને સાળવી કણબી કોળી કુંભારરે. મહાન—
મોચી માળી મેમણ રોયા રોયા તેલી તંબોળી ભરવાડરે;
કડિયા કંદોઈ કાછીયા રોયા ભાટ ચારણ ને ભાંડરે. મહાન—
વાટે જતાં વટેમારગુ કાંઇ કણ્બી જનો કંગાળરે;
માગણ કૈં રાજ માર્ગમાં રોયા ચાકર આંસુધારરે. મહાન—
રાંક રોયા ઉદાર જાણી કાંઈ દયાના ભંડારરે;
દરીયાવ દુલા દીલનાં લેશે કોણ હવે સંભાળરે. મહાન—
સાધુ સંતો સનમાનરે કાંઇ મીત્ર બંધુ જન પ્યારરે;

ઓની આધાપાછીએ કરી, થાણદાર મજકુર થઈ પડ્યા. જેને માટે પેહેલા એક બ વારકી હિતેચ્છુ દ્વારે અમે સાહેબ મેહેરબાનને ઇસારતથી સુચવેલું પણ હતું. કે કેટલાએક સ્વાર્થિ અમલદારો, આ સદ્ગુણી થાણદારને, એક આસપાસના "સળગતો, દાવાનળ પાહાડ ગણે છે. કે જે કોઇવાર પરજળીત થઇ, બધા હોયાકર જુથને બાળી મુકશે, એની દેહસતથી તેનો પરાજય કરવા દાંભીક જનો, તક લેશે એટલે કે સત્યવાનને બીજી કોઇ જાતની બીક હોતી નથી, પણ પોતાના નાદાન ઉપરી અમલદારની બીક હોય છે, તે એવી કે આસપાસના પેટના બળ્યાઓ, જો કાંઈ તેમને ભરાવી મારશે તો, પછી એવા એક પરાધીન પડેલા કાચા કાનના અમલ-

સંભારી ગુણ ગણને રોયા કાંઇ ભાગ્યો જાણી ભારરે. મહાન—
પંડિત ને પુરાણી રોયા કાંઈ સુભટ શાણાસારરે;
જાણી પ્રેમ ભક્તિ ભાવને દેશે કોણ હવે આવકારરે. મહાન—
ઇલમી ઇનામ આશે રોયા કાંઈ કારી કોડ પ્રહારરે;
કરી કોડે હવે કોકને ધરીશું જાણવી સુવિચારરે. મહાન—
રસાલંકાર ભેદ ભાખી કાંઈ વિવીધ વાત વિસ્તારે;
રોયા કંઈ મેન મોજને ક્યાં મળે ફરી ઉદારરે. મહાન—
ભાંડ ભવાયા ગોડી રોયા કાંઈ બજાણી ખેલાડરે;
બતાવા ખેલો ખાંતથી કરશું ક્યાં જઇને લાડરે. મહાન—
પ્રજાજન પ્રીતિભાવે રોયા કાંઇ માયાળુ સરદારરે;
મળે ક્યાં મોટા મનના વાંક ક્ષમાના કરનારરે. મહાન—

---

દારનું સમાધાન નહી થઇ સકાવાનું. આ ધારણા પરમાણે દુષ્ટ દાવ પેચી દુતોએ, ફીરઝલાંડ સાહેબ પાસે, ઉપરની ચિત્રાવાવની રેલવે ખાતાના સાહિબની મારા મારીના તપાસમાં આએ થાણદારને સપાટામાં લેવાને ઠીક અનુકુળતા જોઈ. આ કામ એક સાધારણ બુદ્ધિનો માણસ જોશે, તો તેને જણાશે કે, થાણદાર મજકુરે આ કામમાં જે કાંઇ કરેલું હતું, તે બધી રીતે બાજબીજ હતું. છતાં ફીરઝલાંડ સાહેબે જે પક્ષપ.ત કીધો છે, તે માત્ર તેના આગળ પાછળના કોઇએ ભરાવાથી અથવા તો આરોપી ઇંગ્રેજ બંધવો હોવાથી તેની વગ રાખીછે, સીવાય તેણે ન્યાય પક્ષે આ તરફ બીલકુલ ધ્યાન આપેલું જણાશે નહી.

ગરજુ રોયા ગણુ ગુણ જોઈ કાંઈ શત્રુ સમજ સારરે;
વીવેક ભર્યા વેણથી વેરી રોયા નીરધારરે. મહાન—
કંઈક રોયા ગુણ ગાન કરી કાંઈ આણી યાદ આભારરે;
કરેલા રૂડા કામનાં માની મનમાં ઉપકારરે. મહાન—
કંઈક રોયા દીન દોહ્યલી વેળા ઉતારે દુખ પારરે;
સંકટે છોરૂ સમ ગણી કોણ કરશે હવે વારરે. મહાન—
કુંઇક રોયા શીરતાજ પડે કાંઈ દંબીજનં દુખ કારરે;
કુર કપટી કાળા કર્મના દંશ દેશે તીવૃધારરે. મહાન—
કુંઇક રોયા મન મામ મુકી કાંઇ શોધે કયાં સુખકારરે,
સલુણો લાધે સાહ્યબો, ફરી દુખ ફેડણ હારરે. મહાન—
કુંઇક રોયા કલપાંત કરી કાંઈ પુરો પ્રજા હિતકારરે;

---

માત્ર જોવાનું એટલુંજ છેકે, નેટીવ જનોમાંના કોઈ કોઇ અદલ ન્યાય કરતા દીસે, અને તેમાંજ ઈંગ્રેજ ઉપરી અમલદાર જાતે આડે આવી; લાગતા વળગતા ને માટે વગાત્રગી ચલાવે, તો પછી તેવા ઈંગ્રેજોથી થયેલા ન્યાયના ખરા પણા વિશે શી આશા બાંધવી? ખરે! જો મિ० રણછોડ દાસ જેવા સત્ય ચાહક ને અડગ હિમતવાન પુરૂષનું, અવસ્ય કરી એવા કોઇ મરત મેન જેવા મહાન મેન ઈંગ્રજને પલે પડવું થયેલું હતે, તો તેમનાં કેટલાંક સ્તુત્ય કર્મનું ફળીભુત થવું આજે નજર આવત. મેન સાહેબ પછવાડે કેટલાક ન્યાય ચાહક વા ધર્મ શોધક નીતીમાન પુરૂષનું આજે જે દલગીર થવું થાયછે, તે નહી તો, મેન સાહેબના મોટા હોદાને,

મેન સમો કોઈ મહી તળે હવે મળે ક્યાં ઉદારરે. મહાન—
મેન જતાં મહી શોકે સુકી કાંઈ રોયા ઝાડનેરાનરે;
રોયાં તે વન વાસરૂ; રોયાં વન ઉપવન સાર રે. મહાન—
ધરણી લાગી ધ્રુજવારે કાંઈ ડોલ્યા દસ દીગપાળરે;
શોકે મેરામણ સુકાયો ખળભળીયા પહાડ પહાણ રે. મહાન—
રોયા રોયા રે જીવજંતુ કાંઇ તજ્યા પશુપંખી ચાર રે;
રોયા તે દેવ દેવિયો બધે વરતાયા હાહાકાર રે. મહાન—

કે નહી તો, તેમના મોટા પગારને, કે નહી તો, તેમના માનને માટે. પણ તેના દયાળુપણાને માટે, યાતો તેના એક ધારો ન્યાયને માટેજ સહુ કોઇ દલગીર થયાછે, ને થાયછે. હવે પછી કોણ જાણે કેવા મીજાજના કોણના હાથમાં આ પણ જાશું, એવી ફીકરથી મેન સાહેબની ઓફીસ અને પ્રજા વર્ગને, શોક મુક્ત થવાનો અમુકકાળ, જગત કરતા તરેફથી નીરમાણ થયો નથી. અને એટલાજ ઉપરથી અમે પરમેશ્વર પાસે માગીએ છીએ, કે હે ! સત્ય ચાહક નીયંતા પ્રભુ, મરેત મેનની જગ્યાએ હવે પછી નીમાઈ આવનારે ઈંગ્રેજ અમલદારમાં, તું એવી કાંઈ સુભ પ્રેરણા કર, કે જેથી તે મરેત મેન સાહેબ સરખા સદમાર્ગ દરશી પ્રીતીપાત્ર થાય. ( તથાસ્તુ ).

## દયા શીળજનીક પ્રીતી ભાવસ્થાઈ ગાઢા ખબર.

### ઇંદ્રવિજય.

મંડળ મિત્ર મળી સહુ મોજથી, બેઠલ સાથ સુખાઘર સાંજે,
તાર અઢાર એકાશિય મે નવમી અમરેલિ મળ્યો દુખદાજે;
શીલકરી સહુ સાગવજો ચિજ મેન તણી બંગલે જન ઝાજે,
સંપથ આવી સુબા જજ વિઠ્ઠલ ભાઉ અતી મન વિમાસતાજે.

### સોરઠો.

વીમાસતાં મન માંય, ત્રંબકરાયે તારથી;
કારણ કશું ન કળાય, ટપાલ ત્યાં આવી મળી.

### ઇંદ્રવિજય.

આવિ ટપાલ અતી દુખદા થયુ મેન મૃત્યુ સહૂ વાંચી વિચારે,
શ્રી સરકાર હિતેચ્છુ વડો વિર ન્યાયક રે સ્વરગેજ સિધારે;
ધારે દિવાન હાલ ન મળે સમ મેન સમો સરદાર સુધારે,
ટાળે પ્રજાપિડ ન્યાયક કો અમરેલિ જઈ મેનની ગર્જ સારે.

### સોરઠો.

સારે ગર્જ સુહાય, ત્રંબકરાએ તાલથી;
[1]સંભુપ્રસાદ જતાંય, અમરેલી જઇ રાજમાં.

### કવિત મનહર.

શહેરમાં થએલ જે સુધારો સંભુપ્રસાદથી
ત્રંબકરાયે વધારો કીધા તેમાં તાલથી,

---

૧ માજી સુબા. પ્રાંત અમરેલી.

ફાનસો જુકાવ્યાં જવા નિર્મીર સંભુપ્રસાદ
ત્રંબકરાવ તે આજ દીપાવે વહાલથી;
ટાળી પ્રજા પીડ ભીડ દાડી દીન દાદ સુણે
સંભુપ્રસાદ વિસાર્યા ત્રંબક સંભાળથી,
શોધતાં લાવે તેવા કુંજે સરદાર સાણો
ભુલાયે મહાન મેન મૃત્યુ શોક શા વતી.

**ઇંદ્રવિજય.**

સંભુ પ્રસાદ કરી સદ કીરત આપ ગયા કિરતાર હજુરે,
સુસ સમાગમિ શાનંદથી, હરી રંક પ્રજા પીડ પંડ શહુરે
સાચ્ય સદા ચહી દીન દયા દીલ ન્યાય નીતિથી પ્રજાહીત પૂરે,
નામ કરી સદ નેક પણે અહીં મેનની ખોટ કહો કુણ પૂરે.

**કવિત મનહર.**

કહો કોણ પૂરે ખોટ શંભુપ્રસાદજી જતાં
ત્રંબરાયે સમાન કરી સરસાઈ ને,
પ્રજા પીડ ટાળવાને મેન શોક ખાળવાને.
સમ પક્ષે ભાળવાને નીતિ ન્યાય શાહીને;
શાહી સત સમશેર થવા જેર જુઠા જન
તન મન ધને આપે પ્રજા હિત ચાહીને,
ચાહીને સુજશ જગ રાંક રાડ કાન ધરી
કરી શાન્ત પ્રજા ગ્રહે મેનની ભલાઇને.

**દોહરો.**

મેન ખોટ પડી ખલકમાં, ટળી ન્યાય નીતિ ઢાલ;

વિયોગી જન વિમાસતા, પૂરમાં પડી હડતાલ.

### વિયોગસ્થાઇ સ્વજન સોચવાચક ભાવ.

#### છંદ્રવિજય.

સ્નેહી સહોદર કેછે ત્રિમાશણ મેન જતાં પ્રિય મિત્ર હુલાશી,
વીતક વાત વધુ વરતાય, ન મોત તકે મુખ્ય જોયું ઉદાસી;
હાશિ હશાવિ હમેશ હવે અત્રરે કુણ પાસ વદી વાત ખાસી,
ખાસી વિદ્યામય વિષય વાત વિવેકથીરે વણુ વાત વિલાસી.

#### કવિત મનહર

વાતના વિલાસી વીરા વીસરી તું વધુ વ્હાલ !
વિનાભાળ કરે ગયો છાનો છળે છળિશું ?
બોલ પાળતો તું બોલી બોલી ટેક બાંધવ કાં !
જતાં વાત વદ્યોતો જે આવીને મળીશ હું;
શુ આ તુને છાજે શાણા સરદાર જાવું આમ !!
કામના ખુલાશા ખાંતે કોને હવે કાવિશું ?
બાગ ક્યાં કઢાવી વિના ભાળ તારી વિરા કહે ?
ડીયર કહી ક્યાં દીલ વાત દરશાવિશું.

#### સોરઠો.

દરશાવિ દીલ વાત, મેન મન મુકી કહાં;
યઠ રૂદે રળીઆત, સાથી જાતાં તમ સમો.

#### ઇંદ્રવિજય

શાથી સમોવડ તું ન મળે કરી કોણ કને જઈ વાત વિસામો;

અંતરનાં ઉભરા વણ અંતર પાસ કહે વણસે સહુ કામો;
ભેરૂ ગયે ભડ બાથી હવે મનમાંની રહી મનમાં સહુ હામો,
ધારયું થયું ધરણી ધરનું અણ ધાર્યું થતે મરણું દુખદા એ.

### સોરઠો.

મેન મૃત્યુ દુખ દાઇ, સાતમી મે માસે થયું;
જગમાં કરી ભલાઈ, ગયા અઢાર એકાશીમાં.
મહાન જન દર્શી સુવાસના સ્થાઈ ભાવ.

### કવિતમનહર.

*મેન કૈંક ગયા મરી રહી ભુંડાઈ ભલાઇ
મેનની વડાઇ કહો કોણ કરનારછે,
[1]ફારબસ સુખદાઈ [2] બાઉદાજીની ભલાઈ
સાલસાઈ સાણા સમજુ જને મનાઇછે;
મનાઈ કીરતી કાજુ [3]કરશનદાસ ખાસ
બાસતી ભલાઈ સંભુપ્રસાદની આઈ છે,
ખ્યાતિ [4]એતાભાઇની ખેરાતે વાધી ખલકમાં
પરદુખ દાઝ જાણુ જનની વડાઈ છે.

---

*મેન=માણસો "ઇંગ્રેજીમાં"

૧ એકે ફારબસ. ૨ મુંબાઈ નિવાસી પ્રખ્યાત ડાક્ટર બાઉદાજી. ૩ કરશનદાસ મુલજી, સુધારાનો નિડર સાથી. ૪ એતાબાઈ પાતાબાઇ " ધોધારી " મોણપૂર દરબાર—આ ધર્માત્મા ઉદાર પુરૂષની ધર્મ દ્રઢતાથી લઈ, મેં તેમનાં ગુણકર્મા-

### ઇંદ્રવિજય.

શા ખી દયા દીન દુખ હરેચા સુ ખ દૈ દરીયાવ બન્યા દીલ ડાયા;
મ દ ધર્યો ન કદી મનમાં ખરીખાંત કરી સદ પંથ પળાયા;
શા ડ સદા સુણી રંક તણી શા વ સાંભળવા નીત ન્યાઇ કળાયા;
ય શસ્વિ અવની તળમાં ય દપી નર એજ વધુ વખણાયા.

### સોરઠો.

વખણાયાં નર એજ, સ્વર્ગ સુખડાં અનુંભવે;
પાપી પીંડ પડેજ, જગમાં કો જાણે નહી.

### સદ માર્ગ દર્શી દુરીજનોપદેશ સ્થાઇ ભાવ.

### કવિત મનહર,

કરી કૈંક કુડા કામ દામથી દમામ રાખે
કપટી કુટીલ પડે કોણ યાદ આણેછે,
ધુતે ધને ધીમાં ધામે મકલાય માનવી કાં!
જમ હાથે પડે જાન જગ કોણ જાણેછે;
જાયા તેને જાવું જગ રંક વા હો રાવ રાણા
ભુંડાઇના લાધી ભાર ભવે ભટકાવુંછે,

---

નુંસાર એક ચોપડી બનાવીછે. પણ તે પોતે દેવલોક થવા તકે હું મારે કાંઇ કાંમે મુંબાઈ ગયેલો હતો, અથવા તો એ અરશામાં તુરત વેળા એઓનાં વહાલી વારસથી આ ચો-પડી છપાવા જોઇતો આસરો ટપાલ રસ્તે લખી માગવા. મને આજકાલના ચાલતા મામલાએ કરી અનુંચીત લાગ્યું; અને તેથી તે જેમની તેમ છપાયા વગરનીજ રહી ગઇછે.

પોપાં બાપ્ર પોળ ન્હોયે ખેલવું ખાંડાની ધારે
સારે સારૂં શાહી પાપે પાપી થઇ પીલાવુંછે.

## ઇંદ્ર વિજય.

રે! મૂઢ માનવી કાં! મકલાય, કરી કૃત કાળુંજ કાળજ કૂટ્યા,
બાર વહે ભવમાં ભટકી જન, પેટ ન તોય ભરાય રે ભુખ્યા;
પાપ તણા પુંજને પરેતાપ, સહે દુખ તાપ દળિદર દુખ્યા,
આ ભવ લે તું ભલાઈ કરી મળ્યું તો સુખ જો પેલ સંત સંતોખ્યા.

## સોરઠો.

સંતોષે સંતપેલ સુખકુ આ ભવ સાંપડે,
ખરે! બગાડે ખેલ, હુદો મળે કાં! હાયતું.

## કવિત મનહર

ન્યાયાસને બેસી ન્યાય ચુકી કાં! અન્યાય આપે!
ન્યાયાધિસ ઈશ તુંને પુછશે પછાડીથી,
કારભારી બની કારભાર કાં! ચલાવે કુડો!
કારભારી કરતાર કાંપશેજ આડીથી;
વહીવટદાર બની આડી વેતરણ કરે
વહીવટદાર વિશ્વપતિ જોશે યાદીથી,
ગાદી પતી બની ગોઠવણ શાને કરે ગાંડી
ગાદી પતી પરમેશ દેશે પાડી ગાદીથી.

## સોરઠો.

ગાદીથી પડતાં ફરી, ચડવા જો જન ચ્હાય;

સમજી સાહે સાચને, તો તે લે મોટાઇ,

### કવિત મનહર.

મહીતળમાં મોટાઈ મેળવે મહાન મેને
શાહી સત ન્યાય.[1]સર-ટી-માધવરાવ જે,
કાજુ [2]કાજી શાહાબુદ્દીન [3]બદરૂદ્દીનજી પ્રવિણ
[4]વિનાયક જનારદિન આદી ભલે ભાવજે,
[5]પેસતનજી સુજને [6]મણી ભાઈ મોટમને;
ગુણી ગ્રંથકારે દે મદદ લેવા લાવજે;
[7]જશવંત શુરા પૂરા શાહે કરે કંગાલને
[8]વિઠલ ભાઉ ઉદાર દીલ દરીયાવજે;

### સોરઠો.

કરો ભલે સહુ કોઇ, પરઉપકારો પ્રેમથી;
મેન સમોવડ તોય, શાણા કોકજ સાંપડે.

---

૧ વડોદરાના રાજ—દીવાન સાહેબ. (કે,સી, એસ આઇ)
૨ માલાનીહાય—સરસુબે. (ખાન બહાદુર )
૩ વરિષ કોર્ટના ચીફ જસ્ટિસ. (ખાન બહાદુર)
૪ રા. વિનાયકરાવ જનાર્દન કીરતને "હજુર આસીસ્ટંટ "
૫ સેટલ મેંટ ઓફીસર યાને લશ્કરના ઉપરી (ખાનબહાદુર)
૬ રેવીન્યુ ડે. આસીસ્ટંટ સરસુબે. (મે. ગણપતરામહરગોવીંદ,
૭ જશવંતસિંધજી—મોણપુર દરબાર,
૮ ડીસ્ટ્રીકટજજ અમરેલી,

## ગુણ કર્મ દર્શી વિયોગ વિટંમણા સ્થાઈ ભાવ.

### ઇંદ્રવિજય.

સાંપડવા સરદાર હવે નથી મેન મહાન મહા બુદ્ધિ શાળી,
પીડ પ્રજા જનની હરવા કરવા દીનવાર નીતિ ન્યાય ધારી;
દાખવવા દીલ દાદ જવા ફરીયાદ થવા સુખી કોણ નિહાળી,
આપદકાળ વધુ વરતાય જતાં મેન આ ભવથી ભાગ્યશાળી.

### સોરઠો.

મનવાળી શી રીત, વિના મેનરે મિત્ર અમ;
ભાષે સહુ વિપરીત, ચેન પડે ન કશું હવે.

### કવિત મનહર.

*બોલવું ન ગમે કશું બોલતાં બે હોશ બની
આકુળ વ્યાકુળ ફરી અતી થઇ ગાભરા,

---

*ગ્રંથ સ્વામી—" મિત્ર વિયોગ વિટંબણા. યાને મહાન મેન ગ્રશિતકાળ વખત ને દુપકો. " આ લગત(+) ઉપરનાં કવિત અંગે, થયેલ અવ્યવસ્થિત મિત્ર મંડળમાંના, એક તેમના મે. મેન સાહેબના ન્યાય પ્રકરણી, દીલોજાન વિઠલ ભાઉદાજી ( દીસ્ટ્રીકટ જજ પ્રાંત અમરેલીના સાહેબ)ને ત્યાં હું મારે કાંઇ કામે, અમરેલી મુકામે ચાલતા માસની તા. ૨—૩ના અરશામાં ગયેલો હતો. જ્યારે બે ચાર દીવસ પછે તેમના વહાલી મિત્ર મેન સાહેબનું થયેલ ભવિષ્ય અગાઉથી તેમને પોતાને જાણે સુજી આવ્યું હોયની !!!

આતમા અતીસ બળે પ્રગટ્યો આતસ અંગ
પાણી છંટકાવિ પણ બાફે બની બાવરા;
કરવાને ધારી કાંઈ કરવું કશું ન ગમે
યાદ વિશરાય ઉઠી ઊંઘથી ઉતાવળા,
ભાસે વિપરીત ફરી ભય ભીત વિના ભાન
એવે મિત્ર મૃત્યુ પત્ર આવ્યારે દુખાવરા.

સોરઠો.

વાંચો પત્ર વિચાર, મુરચ્છાંગત ધરણી ઢળ્યા;
વરત્યો હાહાકાર, મેન મૃત્યુ થાતાં બધે.

ઇંદ્રવિજય.

શોક વિના હદ વ્યાપિ રહ્યો પુરમાં પરજન જન આપ પુકારે,
કારટ કામ રહ્યા અટકી અવની અંધકાર દીસે વળી ભારે;

---

આમ મિત્ર વિયોગી ભ્રમિત ચીત્તઃ કોઇનું કશું બોલ્યું તેઓ જાતે કાનપર ન લે, પોતે શું બોલ્યા છે તે ભુલી જાય, " વિયોગાગ્નિથી પરજ્વળીત થાઉં " ( બહારનો ઉનાળાનો પડતો સખ્ત તાપ ) તે મરેત મેનના તપજ્વરે—" મેનસાહેબે દોડ દીવસના તાવે કરી આફ્રાની દુનિયામાંનો પોતાનો તમામ અસબાબ ઉઠાવી લીધો હતો " ઉષ્ણતાને પામીતે " તેમના મેન સાહેબના અંગિત મિત્રને દહન કરતો. " પૂર જોષ જાણે વિઠલભાઉદાજીને, આંગણ આવ્યો હોય !! અને તેથી તેઓ પણ આકુળ વ્યાકુળ બની, ગાભરા યા

મેન સમા સરદાર જતાં વિપરીત થતાં અહી કોણ ઉગારે,
સ્નેહી સહોદર રે કલપાંત કરે શું કર્યું અહ આ કીરતારે.

### કવિત મનહર

વિઠલ ભાઉ કલપાંત કરે' રાખે નરે શાંત
ધીરા પડી ધીરજ દે [1]જેરામભાઉ વડી,
[2]બાપુભાઈ બહુ પેર સમજાવે શાણા સુણો,
કીરતાર કૃતિ ન કળાય ગુહ્ય જે ઘડી;
શોક કરે શાણા સંપડાય જો સનેહી ફરી
વિયોગ નડે તો શાને બેઠીએ રડી રડી,
પુરમાં પ્રજા પુકારે ત્રંબકરાય વિચારે

---

૧ સીરસ્તેદાર, અમરેલી ડીસ્ટ્રીક્ટ જજ કોર્ટનાં,
૨ નાજર પ્રાંત અમરેલીના,

ને બાવરાપણે—કરવાનું શું છે ને પોતે કરેછે શું! તે વિના ખ્યાલ, યાદ રહીત થઈ ઊંઘમાંથી બે બાકુળા ઉઠી, " દશાઘ થએલ માણુસ મીસાલે વિપરીત રીતે, પોતાનાં ઉતાપને સમાવા, તેમની બેઠકની ઓરડીમાં બે સુમાર પાણી છંટકાવેછે ભરાવેછે. એટલામાં દુખને આપનાર એવો મહાન મેનનો મૃત્યુ પત્ર આવ્યો ને તે વાંચી જોઈ, પોતે મૂર્છાંગત થઈ રહ્યા.

વખ્ત—અરે! મહાન મેન અશિત કાળ વખ્ત !!! ધીકાઃરછે, ધીકાઃરછે. એકથી હજાર વારકી ધીકારછે. તારા આ·

મેનનું માયાળુ પણું સાંભરે ઘડી ઘડી.

છંદ લલિત.

ઘડી ઘડી અરે? યાદ આવતા,
ફરેલપાડ જે મેન ઐં છતાં;
અલપ આ ભવે ના ભુલાય રે
પુરજનો વદે હાયહાય રે.
દિલ દયા સમો સ્નેહ વિસરેચા,
કંશુંરશો કગી ક્રૂર કાં થયાં;
કવણ દોશ તો ના કળાયરે,
પુરજનો વદે હાય હાયરે.
સબળ સાથીકાં એકલા ફગા,
સ્વરગ સાંચર્યા રે! છળી છળી;

---

વા કાળા કરતબ્ય કર્મયાં તને. અરે! મે. મામની દુશ્ટણી સાતમી તારીખ ! દુરથા; અહીંથી જા. કાળા કામના તારા આ લેખન કાળા ચીતારથી, તારી મહાન મેન ગ્રશિત કાળ ઘડીને અત્રે અમે કોઇ વિસરનાર નથી. અથવા ભલે તો તારા એ નીમિત વખતમાં, બીજા અસંખ્યાત સુભ કામો જગતને નજર આવ્યાહો; પણ આં તારો અમારા ઉપરનો થયેલ કારી જખમ તો અમને ભવો ભવ સાંભળશે.

વખત અરે! સ્વપ્રસંસી એકલશૂરી વખત !!! તું જો, તારા સુભ કૃતની નોધમાં, હાલ કાળ જે ગ્રાંમંતો પોતે

ખબર ના હતી આમ કાંયરે,
પૂરજનો વદે હાય હાય રે.
નહીજ દેત જા'વા અહો થકી,
ખબર હોત જો આમ કે નકી;
પ્રભુતણી કૃતિ ના કળાય રે,
પૂરજનો વદે હાય હાયરે.
સમનીયાઇ તું કોણ સાંપડે,
અવર આ ઘડી ચેન ના પડે;
કઠણ આ કળિ કાળ જાયરે,
પૂરજનો વદે હાય હાયરે.
દીન અમો તણી દુઃખ દાઝથી,
દીલ દયા ધરે હેત ઝાઝથી;

---

એશ આરામ, વા ગામ ગપાટામાં રહી, તને રોકી રાખેછે અથવા તો તેનેજ માટે તું તારૂં કીમતીપણું લોકોને નજર આણતી હો, તો પછી શું? રંક ઘરે જન કલ્યાણ કામાધિન તું તારે કીમતી નથી!!! અલબત કેમ નહી? શ્રીમંતો કરતાં શો બલકે હજાર પતે રંક જનોનાં સ્તુત્ય કૃતાધિન હું મારે પોતાને કીમતી ગણુંછું. પછી શ્રીમંતો ભલે તો તેમને પોતાને મન, એશ આરામ વા ગામ ગપાટાધિન રાખી મને કીમતી માને,પણ મારે મન હું તેમને ત્યાં એક કોડીની કીમતની નથી. માત્ર પૈશાદાર, જન કલ્યાણ પરોપકારર્થ પોતે મને

મરણ બેનનું ના ભુલાય રે,

પુરજનો વદે હાય હાયરે.

શરળ જે રીતે ઉરમાં ઠરે,

જરૂર તેમ તું પુછતો ખરે;

ખચિત બૌ બીજા'તો બીજાયરે.

પુરજનો વદે હાય હાય રે.

પરગજુ પણે પેખતો સદા,

ક્રૂર પણે કર્યો ન ક્રોધ તેં કદા;

ધીરજ ધારી ના મન ધરાયરે,

પુરજનો વદે હાય હાય રે.

---

રોકવા ધારે, તો હું તેને ત્યાં લાખની નહી તો કાખની.

સબુર! સબુર! કાળ મુખી ક્રુર વખત સબુર !!! તારૂં બોલ તું મુખ બંધ કરવાને કારણ આપનાર અમારા બેરખા બહુએ મહાન જનોને તેં ખાધાછે. અથવા તો તેથી અમને જે ધોખો લાગેલો છે, તે બણી નજરે કરતાં અમને દુખિયાને, હવે વધારે ડામવા તું તારે અહી નહી રેહેતાં અત્રે અલોપ થા, જા. અમે તારી કશી વાત હવે સાંભળનાર નથી.

## કુંડળિયા છંદ.

ધીરજ શીરીત ધારીયે, શાણા શૂર સરદાર;
ગયા મેન મહીતળ તજી, આપે કરી જશ સાર.
આપે કરી જશ સાર, ગયા કીરતાર હજુરે;
કરી દીન દુઃખ વારે, ન્યાય નીતિ સતનું રે.
થયા મેન થોડા થશે, શી પેરે મન મારીયે;
કઠણ આજ કળીકાળ ધીરજ શી રીત ધારીયે.

# અગાઊથી આશ્રય આપનાર

## સજ્જનોનાં નાંમ.

| રકમ | નામ | રકમ | નામ |
|---|---|---|---|
| | ઓકાસખાતે. | | માણેકવાડાખાતે. |
| રૂ૨) | વિઠલરાવ ગોપાલ | રૂ૫) | બાળાજી સાહેબ. |
| રૂ૧॥) | લક્ષ્મણરાવ નારાયણ. | રૂ૫) | જ. અલાદખાંનીહાલખા |
| રૂ૧) | મગનલાલ વનમાળીદાસ. | રૂ૩) | જેરામાંસાં જાનમહમદાં |
| રૂ૦॥) | એસ્વંતરાવ ખંડેરાવ. | રૂ૨) | આનંદરાવ નારાયણ. |
| રૂ૦॥) | રામચંદ્ર નાથાજી. | રૂ૨) | રામચંદ્ર પાન્ડુરંગ. |
| | ધારોખાતે. | રૂ૧) | રામરાવ બલવંત |
| રૂ૪) | ડાકર જેકદીન. | [illegible] | બલવંતરાવ સીતારામ. |
| રૂ૧) | મ.સ્કુલ.મા. વંકટરાવ ભાઉ | રૂ૨) | આ. ઈબ્રાહીમઅલાખાંન. |
| રૂ૧) | મેજર અલાદાદખાં. | રૂ૧) | નારાયણરાવ લક્ષમણ. |
| રૂ૧) | ગણપતરાવ ચીમણાજી. | | રીસાલાખાતું. |
| રૂ૨) | રઘુનાથરાવ નારાયણ. | રૂ૨) | સુ. દાદુપાટીલ માવજીપા |
| રૂ૦॥) | ભગવાનજી મોહનજી. | રૂ૧॥) | જ૦ રામરાવ માવજીપા* |
| રૂ૦॥) | ગણપતરામ સખારામ. | રૂ૧) | નથુદખાં સાદતખાં ૯૦ |
| રૂ૦॥) | બાપુ રઘુનાથ. | રૂ૦॥) | ઠા. મોહનસીંગજી એગારસી |
| રૂ૦॥) | લવજી પ્રેમજી | રૂ૪) | જ. સેખ હમીદ. |

---

* રાજમાન રાજેશ્રી છોટમલાલ વિ૦ જાદવરાય, મજમુદારે આમાં રૂ૫)ની મદદ આપેલીછે (જુનાગઢ).

# [illegible]

( [illegible] )

[illegible]

[illegible] ... (તા. ૧-૮-૦)

[illegible]

[illegible] છે.

[illegible]

[illegible]

અમદાવાદ. [illegible] ભવાનીશંકર [illegible] ભટ્ટ.

[illegible]